૭૦ વર્ષમાં આ વર્ષે સૌથી ગંભીર અને ભયાવહ પૂરની પરિસ્થિતિ હતી

# વલસાડમાં પાણી પહેલાં પાળ બાંધો




### ગ્રામજનોની મુખ્ય માંગણીઓ

- કિનારા પર પૂરતા પ્રમાણમાં પ્રોટેક્શન વોલ બનાવવી જોઇએ
- અસરગ્રસ્ત ગામો પાસેથી પસાર થતા નદી પટનો તાત્કાલિક સર્વે કરાવવો,
- માટી-કાંપ દૂર કરી નદીનું ડીસિલ્ટિંગ કરી૧૦ થી ૧૫ ફૂટ સુધી ઊંડાણ વધારવું
- ૨૦૧૯ થી ૨૦૨૩-૨૪ દરમિયાન ખાનગી મંડળી કે કંપનીઓ ડ્રેજિંગના નામે રેતી ખનન થયું છે
- સરકાર યોગ્ય ગ્રાન્ટ ફાળવી ડ્રેજીંગની કામગીરી કરાવે તેવી માંગ કરાઈ છે.
- રહેણાંક વિસ્તારોના સંવેદનશીલ કાંઠાઓ પર મજબૂત આરસીસી પ્રોટેક્શન વોલ બનાવવી
- હાઇડ્રોલોજિકલ સર્વે કરાવી કાયમી ઉકેલનો નકશો તૈયાર કરવો,
- સિંચાઇ , પાળા વિભાગ, પાણી સંસાધન અને પંચાયતના અધિકારીઓની સંયુક્ત ટીમ બનાવવી
- દરિયા તરફ પાણીના વહેણમાં અવરોધરૂપ જૂના પુલને તાત્કાલિક હટાવી દેવો જોઇએ
- પૂર આવે તે પહેલાં કાયમી સુરક્ષા ઊભી કરવી એ જ સાચો ઉકેલ છે

**નદીનું** ઊંડાણ વધારવા અને પ્રોટેક્શન વોલ બનાવવા કલેક્ટરને સામૂહિક રજૂઆત

વલસાડ : તાજેતરમાં ઔરંગા નદીમાં આવેલા ભયંકર પૂરના કારણે લીલાપોર, વિજલપોર, હનુમાન ભાગડા, ભદેલી જગાલાલા, ભદેલી દેસાઈ પાર્ટી, તારીયાવાડ, વલસાડ પારડી, છીપવાડ અને કૈલાસરોડ સહિત આસપાસના આશરે ૧૫ થી ૨૦ ગામોમાં ભારે તારાજી સર્જાઈ છે. સ્થાનિક વડીલો અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છેલ્લા આશરે ૭૦ વર્ષમાં આ સૌથી ગંભીર અને ભયાનક પૂરની પરિસ્થિતિ હતી. દર વર્ષે સર્જાતી આ મુશ્કેલીના કાયમી ઉકેલ માટે લીલાપોર અને વિજલપોર સહિતના અસરગ્રસ્ત ગામોના રહીશો તથા પ્રતિનિધિઓ દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ધોરણે પગલાં ભરવા લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, ઔરંગા નદીના પટમાં મોટા પ્રમાણમાં માટી, કાંપ અને કચરાનો ભરાવો થઈ જવાને કારણે નદીની જળવહન ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. પરિણામે ભારે વરસાદ દરમિયાન નદીનું પાણી ઝડપથી કાંઠા બહાર આવી ગ્રામ્ય વિસ્તારોના ઘરો, રસ્તાઓ અને ખેતીની જમીનમાં ઘૂસી જઈ દર વર્ષે જાનમાલનું મોટું નુકસાન પહોંચાડે છે. છેલ્લા પાંચ વર્ષની જ વાત કરીએ તો અહીં વારંવાર પૂર આવે છે. ઉપરવાસમાં વરસાદ પડતાં જ તમામ ગામોની હાલત ખરાબ થઈ જાય છે. જો કે આ વખતે આવેલું પુર અકલ્પનીય હતું.

# વલસાડમાં ચાલુ વર્ષમાં ડ્રગ્સના ૫૦ ગુનામાં ૯૫ આરોપીની ધરપકડ

**1.71 કરોડનો** 218.838 કિલો નાર્કોટિક્સ પદાર્થ જપ્ત કરાયો

વલસાડ: રાજ્યમાં ચરસ ગાંજો, એમડી, જેવા વિવિધ ડ્રગ્ઝની બદીને નાથવા સરકાર દ્વારા ડ્રગ્ઝ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી છે. આ અભિયાન હેઠળ વલસાડ જિલ્લા પોલીસે નશાકારક પદાર્થો અને ડ્રગ્સ નેટવર્ક સામે કડક ઝુંબેશ ચલાવીને મોટી સફળતા હાંસલ કરી છે. જિલ્લા પોલીસે ચાલુ વર્ષ દરમ્યાન NDPS એક્ટ હેઠળ કુલ ૫૦ ગુના નોંધીને ૯૫ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાએ આ કામગીરી અંગે એક પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું કે, ચાલુ વર્ષ દરમિયાન વલસાડ પોલીસે ગાંજો, હાઇબ્રિડ ગાંજો, હેરોઇન અને પોષડોડા સહિત કુલ ૨૧૮.૮૩૮ કિલોગ્રામ નાર્કોટિક્સ પદાર્થ જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત આશરે રૂ.૧,૭૧,૫૪,૩૨૭ થાય છે. જેમાં સૌથી વધુ SOG શાખા દ્વારા ૧૮ કેસોમાં ૪૧ આરોપીને ઝડપી પાડીને રૂ.૧.૧૮ કરોડથી વધુનો મુદ્દામાલ ઝડપવામાં આવ્યો છે.

આ ઉપરાંત ગુનાખોરી અટકાવવા માટે રીઢા આરોપીઓ વિરુદ્ધ PIT NDPS એક્ટ હેઠળ કાર્યવાહી કરીને એક આરોપીને સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલવામાં આવ્યો છે.

### 32 કરોડથી વધુના મુદ્દામાલનો નાશ કરાયો

પોલીસે સ્પેશ્યલ ડિસ્પોઝલ કમિટીની હાજરીમાં આજદિન સુધી કુલ ૧૦૦ ગુનાઓનો રૂ.૩૨,૩૮,૯૮,૬૬૨ની કિંમતનો મુદ્દામાલ ભરૂચના દહેજ ખાતે વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય ૧૪થી વધુ ગુનાઓના મુદ્દામાલના નિકાલની પ્રક્રિયા પણ હાથ ધરાઈ રહી છે.

### ડ્રગ્ઝ અંગે પોલીસને 1933 પર માહિતી આપો

પોલીસ દ્વારા કાર્યવાહીની સાથે-સાથે શાળાઓ અને કોલેજોમાં ૨૫થી વધુ જનજાગૃતિ કાર્યક્રમો યોજીને ૪,૧૫૧ લોકોને નશાથી થતાં નુકસાન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે નશાકારક પદાર્થોની કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ ધ્યાને આવે તો તાત્કાલિક સ્થાનિક પોલીસ અથવા ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૯૩૩ પર જાણ કરવી, જેમાં માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

### સૌથી વધુ કેસ પારડી અને વધુ જથ્થો ડુંગરા પોલીસે પકડ્યો

વલસાડ જિલ્લાના સ્થાનિક પોલીસ મથકોની કામગીરી પર નજર કરીએ તો, સૌથી વધુ કેસો નોંધવામાં પારડી પોલીસ સ્ટેશન મોખરે રહ્યું છે, જ્યાં એનડીપીએસ એક્ટ હેઠળ સૌથી વધુ ૫ ગુનાઓ નોંધીને ૭ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ધરમપુર, ડુંગરા અને ભીલાડ પોલીસ મથકોમાં ૪-૪ કેસો નોંધાયા હતા. જ્યારે મુદ્દામાલની કિંમતની દ્રષ્ટિએ સ્થાનિક પોલીસ સ્ટેશનો પૈકી ડુંગરા પોલીસ સ્ટેશનમાં સૌથી વધુ કિંમતનો નશીલો પદાર્થ ઝડપાયો છે. ડુંગરા પોલીસે ૨.૪૨૯ કિલોગ્રામ સાદો ગાંજો અને ૦.૯૧૬ કિલોગ્રામ હાઇબ્રિડ ગાંજોમળી કુલ રૂ.૩૩,૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજી તરફ જથ્થા એટલે કે વજનની દ્રષ્ટિએ ભીલાડ પોલીસ સ્ટેશન સૌથી આગળ રહ્યું હતું, જ્યાંથી પોલીસે કુલ ૧૦.૪૭૮ કિલોગ્રામ ગાંજો (કિંમત રૂ.૫,૨૩,૮૦૦/-) કબ્જે કર્યો હતો. જોકે, સમગ્ર જિલ્લાની તમામ શાખાઓ અને મથકોને એકસાથે ગણવામાં આવે તો સૌથી વધુ કેસો અને સૌથી વધુ મુદ્દામાલ ઝડપવામાં વલસાડ એસઓજી (SOG) શાખા અવ્વલ રહી છે. એસઓજી દ્વારા એકલા હાથે જ ૧૮ કેસોમાં ૪૧ આરોપીઓને ઝડપી પાડી ૧૭૫.૫૬૬ કિલોગ્રામ ગાંજો, ૦.૮૭૧ કિલોગ્રામ હાઇબ્રીડ ગાંજો તેમજ ૩.૩૫૫ કિલોગ્રામ પોષડોડા સહિત કુલ રૂ.૧,૧૮,૭૬,૬૨૫/- ની કિંમતનો ૧૭૯.૭૯૨ કિલોગ્રામ નશીલો પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો.

# વલસાડમાં બે દુકાન કબજે કર્યાની સુરતના બિલ્ડર સામે ફરિયાદ

**બિલ્ડર** અમિત શાહે દુકાનનો સામાન લૂંટી નવા તાળાં મારી દીધાનો મહિલાનો આક્ષેપ

વલસાડઃ વલસાડના મોગરાવાડી વિસ્તારમાં એપાર્ટમેન્ટ બનાવનાર સુરતના બિલ્ડર અમિત શાહ વિરુદ્ધ વલસાડ ટાઉન પોલીસ મથકે થયેલી લેખિત ફરિયાદને લઇ ભારે ચર્ચા ઊઠી છે. તેના વિરુદ્ધ એક મહિલાએ રત્નાકર વિલા-એ એપાર્ટમેન્ટની બે દુકાનના તાળાં તોડી અંદર રાખેલો કિંમતી સામાન સગેવગે કરી ગેરકાયદે કબજો પચાવી પાડવાના આક્ષેપ સાથે ફરિયાદ કરી છે.

વલસાડના હાલર ક્રોસ રોડ નજીક યોગીરાજ પાર્કમાં રહેતાં અને ટ્યુશન કરતાં દિપાબેન હિતેશભાઈ શાહે સુરતના અમિત વસ્તુપાલ શાહ (મૂળ રહે., વલસાડ) વિરુદ્ધ વલસાડ સિટી પોલીસ મથકમાં ફરિયાદ કરી છે. તેમણે જણાવ્યું કે, મોગરાવાડીમાં ડો. બાબુભાઈની ગલીમાં આવેલા રત્નાકર વિલા-એ એપાર્ટમેન્ટમાં ભોંયતળિયે આવેલી દુકાન નં. ૧ અને ૨ તેમણે વર્ષ ૨૦૧૫માં વિનોદભાઈ નવશાભાઈ પટેલ પાસેથી કાયદેસર રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી. ત્યારબાદ આ મિલકત પર બેંક લોન લેવામાં આવી હતી અને લોન ભરપાઈ ન થતાં બેંકે કબજો લીધો હતો. આખરે બેંક સાથે સમાધાન થતાં અને તમામ રકમ ચૂકવાઈ જતાં ફેબ્રુઆરી ૨૦૨૬માં બેંકે રિલીઝ ડીડ કરી આપી માર્ચ ૨૦૨૬માં બંને દુકાનોનો કબજો ફરીથી દિપાબેનને સોંપ્યો હતો.

અમિત શાહ સાથે આ મિલકતો બાબતે વિવાદ ચાલી રહ્યો હતો અને તેમણે આ દુકાનો વેચવા અંગે તાજેતરમાં વર્તમાનપત્રમાં જાહેર નોટિસ પણ આપી હતી, જેની સામે ફરિયાદી પક્ષે વાંધો નોંધાવ્યો હતો. આ અદાવતમાં ૩જી ઓક્ટોબરે અમિત શાહ તથા તેમના સાથીદારોએ દિપાબેનની બંને દુકાનનાં શટરનાં તાળાં તોડી અંદર પ્રવેશી અંદર રાખેલો કન્સ્ટ્રક્શન સામગ્રીના વ્યવસાય સંબંધિત લોખંડના પાઈપો, એચ-ફ્રેમ, મિક્સર મશીન, ટેબલ, ખુરશી અને કમ્પ્યુટર પ્રિન્ટર જેવો લાખો રૂપિયાનો સામાન ચોરી/લૂંટ કરી પોતાના નવાં તાળાં મારી દીધાં હોવાનો આક્ષેપ કરાયો છે.

આ અંગે જિલ્લા પોલીસ વડાને પણ લેખિત ફરિયાદ આપી આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે. બિલ્ડર સામે થયેલી આ ફરિયાદની વ્યાપક ચર્ચા વલસાડના બિલ્ડર આલમમાં ચાલી રહી છે. જોકે, હજુ સુધી પોલીસે બનાવ સંદર્ભે અમિત વિરુદ્ધ ગુનો દાખલ કર્યો નથી.

# ધરમપુરમાં Gen Z અને કિસાન અધિકાર યાત્રાનું સમાપન

**અધિકાર,** રોજગારી સહિતના મુદ્દે સરકાર સામે સવાલો સાથે કોંગ્રેસે મામલતદારને આવેદન આપ્યું

વલસાડઃ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઝેન.જી. અને કિસાન અધિકાર યાત્રા અંતર્ગત ધરમપુર તાલુકામાં યોજાયેલી યાત્રાનું સોમવારે સમાપન થયું હતું. સુર્યા ચાર રસ્તા ખાતે બિરસા મુંડાની પ્રતિમાને ફૂલહાર કર્યા બાદ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની વિશાળ યાત્રા ધરમપુર મામલતદાર કચેરીએ પહોંચી હતી. જ્યાં ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદાર હાર્દિક ધોળીયાને વિવિધ પ્રશ્નોને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલે જણાવ્યું હતું કે, સુગર ફેક્ટરીના ખાનગીકરણ, યુવાનોને રોજગારીનો અભાવ અને પરીક્ષાના પેપર લીક થવાના મુદ્દે પણ તેમણે સરકાર સામે સવાલો ઉઠાવ્યા હતા. આદિજાતિના દાખલા મેળવવા માટે ત્રણ-ત્રણ પેઢીના દાખલા માંગવામાં આવતા હોવાથી લોકોને મુશ્કેલી પડી રહી છે. સેટેલાઇટ માપણીના કારણે ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ વસંત પટેલ, કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલ, ધર્મેશભાઈ ભોલા, જિલ્લા કોંગ્રેસ આઈટી સેલ પ્રમુખ રાહુલ પટેલ, તાલુકા પંચાયત સભ્ય રમેશભાઈ પાડવી, ધરમપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ, મહામંત્રી મુફીદ પઠાણ, સેવાદળ પ્રમુખ રમેશભાઈ પટેલ, તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા દેવું મોકાશી, આવધા સરપંચ સુરેશ મોકાશી, બાલુભાઈ સિધા, ગણપત ચૌધરી, સુરેશ પટેલ સહિત કોંગ્રેસના આગેવાનો, સરપંચો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## દમણમાં અલગ અલગ સ્થળેથી 5.24 લાખથી વધુનો દારૂનો મુદ્દામાલ જપ્ત

દમણઃ ડાભેલ પોલીસે વડોલી ચેકપોસ્ટ પર સ્વિફ્ટ કારમાંથી 159 બોટલ દારૂ-બીયર તથા આશરે 2 લાખની કાર જપ્ત કરાઈ હતી. જ્યારે ડાભેલની એક દુકાનમાંથી 1,404 બોટલ દારૂ-બીયર જેની કિંમત 2.26 લાખ મળી આવ્યા હતા. અન્ય દુકાનમાંથી 226 બોટલ-કેન તેમજ તળાવ ફળિયા અને ચીકુવાડી વિસ્તારમાં અનુક્રમે રૂપિયા 25,662 અને 7,915 નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીમાં વલસાડ ભંડારી જ્ઞાતિ મંડળની વાર્ષિક સભામાં તેજસ્વી તારલાઓનું સન્માન



અમૃત પટેલ

પારડીઃ પારડીમાં વલસાડ ભંડારી સમાજની 79માં વાર્ષિક સાધારણ સભા રવિવારે પ્રમુખ ચેતન પટેલ તથા વ્યવસ્થાપક કમિટી દ્વારા સાંઈ દર્શન હોલમાં યોજાઈ હતી. આ સભામાં સભાના પ્રમુખ તરીકે જાણીતા ઉદ્યોગપતિ દીપિન જાદવ- સેલવાસ, અતિથિ વિશેષ તરીકે સેલવાસ નગરપાલિકા કાઉન્સિલર પ્રતીકકુમાર, ડહેલી ગ્રામ પંચાયતના ઉપ-પ્રમુખ વૈશાલીબેન તથા ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગપતિ હેમંતભાઈ- ખેરગામનાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. સમાજના ગૌરવ સમાન તેજસ્વી તારલાઓ, મંડળના હોદ્દેદારઓ, કમિટી સભ્યો તથા સેવાકીય આગેવાનોને દીપિનભાઈ જાદવ તરફથી મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. મંડળના પ્રમુખ ચેતન પટેલે સમાજ સુધારણા અંતર્ગત નવા નિયમોની પહેલ કરવા તથા ટૂંક સમયમાં જમીન ખરીદી સમાજના અદ્યતન નવા હોલના નિર્માણ માટે સમાજના દાતાઓને ઉદાર હાથે દાન આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે મંડળના ટ્રસ્ટીઓ નિલેશ ભંડારી, દિલીપભાઈ ભંડારી, ગિરીશભાઈ ભંડારી, જગદીશભાઈ ભંડારીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વાપીમાં 1983થી કાર્યરત ગાયત્રી મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો

વાપીઃ વર્ષ 1983માં વાપીમાં પેપીલોન હોટલની પાછળ અને સોસાયટીની નજીક નિર્માણ પામેલું ગાયત્રી મંદિર ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. લાંબા સમયથી ભક્તોની શ્રદ્ધા સાથે જોડાયેલા આ મંદિરનો તાજેતરમાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. વાપી ગાયત્રી મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી અનિલ દેસાઈના જણાવ્યા અનુસાર, સમયની સાથે મંદિરના બાંધકામમાં જરૂરી સુધારાઓ અને નવીનીકરણની આવશ્યકતા ઊભી થતાં મંદિરનો જીર્ણોદ્ધાર હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યમાં મંદિરના ટ્રસ્ટીઓ, મંડળના સભ્યો, મહેસાણાના સભ્યો તેમજ દાતાઓએ ઉત્સાહભેર સહયોગ મળ્યો હતો. મંદિરના જીર્ણોદ્ધાર બાદ હવે ભક્તજનોને વધુ સુવિધાયુક્ત અને સુખદ વાતાવરણમાં માતા ગાયત્રીનાં દર્શન અને પૂજા-અર્ચના કરવાનો અવસર મળી રહ્યો છે.

### વાપી પબ્લિક સ્કૂલમાં બે દિવસીય રાષ્ટ્રીય રમતોત્સવ રગ્બી સ્પર્ધા યોજાશે

વાપીઃ વાપી પબ્લિક સ્કૂલ (સી.આઇ.એસ.સી.ઈ.) વટારમાં બે દિવસીય રાષ્ટ્રીય રમતોત્સવ રગ્બી સ્પર્ધા આગામી તારીખ 9 અને 10 ઓક્ટોબરે યોજાશે. સ્પર્ધામાં 14 વર્ષથી ઓછી વય, 17 વર્ષથી ઓછી વય અને 19 વર્ષથી ઓછી વયના છોકરાઓની કેટેગરીમાં સ્પર્ધા યોજાશે. જેમાં દેશના વિવિધ રાજયોમાંથી આશરે 200 યુવા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ખેલાડીઓ સાથે તેમના કોચ, વ્યવસ્થાપકો તથા સી.આઇ.એસ.સી.ઈ.ના અધિકારીઓ પણ વાપીની મુલાકાત લેશે. શાળાના કાર્યકારી નિયામક અને વરિષ્ઠ આચાર્યા ડો.અલ્પાબેન એસ. કોટડિયાના જણાવ્યા મુજબ, 7 મી સી.આઇ.એસ.સી.ઈ. રાષ્ટ્રીય રમતોત્સવ જેવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન વાપી પબ્લિક સ્કૂલ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

# પોલીસને બાતમી આપવાની શંકામાં ડુંગરી નજીક યુવક પર હુમલો

**હોઠ** પર કરડી ખાધું, જાનથી મારી નાંખવાની ધમકી આપી

વલસાડઃ ઊંટડી ગામના ડીપી ફળિયામાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ૩૨ વર્ષીય કિન્તેશકુમાર અમ્રતભાઈ પટેલ રવિવારે સાંજે પોતાના બાળકો સાથે મોટરસાઈકલ પર ડુંગરી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ધરાસણા નાયરા પેટ્રોલ પંપ નજીક તેમના જ ફળિયામાં રહેતા તનવીર પ્રકાશભાઈ પટેલ અને વિનય સુરેશભાઈ પટેલ મોટરસાયકલ પર મળ્યા હતા. આરોપીઓએ 'તું પોલીસને મારી બાતમી આપે છે' તેમ કહી અપશબ્દો બોલ્યા હતા. ત્યારબાદ ડુંગરી-ધરાસણા રોડ પર નહેર પાસે બંને આરોપીઓએ કિન્તેશકુમારને રોકી ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન તનવીર પટેલે કિન્તેશકુમારના હોઠના ભાગે જોરદાર બચકું ભરી લીધું હતું અને હવે પછી બાતમી આપશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લોકો ભેગા થઈ જતાં આરોપીઓ પોતાની મોટરસાયકલ સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવક ડુંગરી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડુંગરી પોલીસે ફરિયાદના આધારે તનવીર પટેલ અને વિનય પટેલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ભાડાની થારમાં દારૂ સુરત લઈ જતાં 3 પારડી હાઇવેથી પકડાયા

પારડીઃ LCB પોલીસની ટીમે પારડી દમણીઝાપા પાસેથી થાર કાર (GJ-05-RT-9923)માં દારૂનો જથ્થો ભરી સુરત તરફ જતાં ત્રણને ઝડપી પાડ્યા હતા. કારમાંથી દારૂની 1200 બોટલ/ટીન મળી આવ્યા હતા. પોલીસે કારના ડ્રાઈવર યોગેશ ઉર્ફે અંશુ તીવારી, ક્લીનર સીટ પર બેસેલ અજીત ઉર્ફે ગુડુ ચૌધરી અને પાછળ બેસેલ સંદિપ ઉર્ફે કુકકી માહોર (તમામ રહે., ડિંડોલી, સુરત)ની ધરપકડ કરી છે. તેમણે દારૂ લાવવા સુરતથી ભાડે થાર કાર લીધી હતી. આ દારૂનો ઓર્ડર આપનાર સાહિલ (રહે., ગોડાદરા, સુરત) અને સેલવાસથી કારમાં માલ ભરાવી આપનાર ગાયકવાડને પોલીસે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નવસારીના તીઘરામાં 'સ્પીડ'નો કહેર: કારચાલકે બે બાઈકને ઉડાવી

**ચાલક** નશામાં હતો, અઠવાડિયામાં ત્રીજો અકસ્માત, રાત્રિના સમયે બેફામ વાહનચાલકો સામે પોલીસની કાર્યવાહી સામે સવાલો



નવસારીઃ શહેરના તીઘરા વિસ્તારમાં રાત્રિના સમયે બેફામ ઝડપે દોડતી કારે બે બાઈકને અડફેટે લેતાં અફરાતફરી મચી ગઈ હતી. કારચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી એક બાદ એક બે બાઈકને ટક્કર મારતાં બાઈકચાલકોને ઈજાઓ પહોંચી હતી. જોકે સદનસીબે બંનેની ઈજાઓ સામાન્ય રહેતાં મોટી જાનહાનિ ટળી હતી.

અકસ્માત બાદ કારચાલકે સ્થળ પરથી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્થાનિક લોકો સતર્ક બનતાં તેને પકડી પાડ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ કારચાલક નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને કારચાલકને કસ્ટડીમાં લઈ અકસ્માત અંગેની તપાસ શરૂ કરી હતી. તીઘરાની આ ઘટના સાથે નવસારી શહેરમાં માત્ર એક જ સપ્તાહમાં બેફામ અથવા નશામાં વાહન ચલાવવાના કારણે અકસ્માતની ત્રીજી ઘટના સામે આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અગાઉ 27 સપ્ટેમ્બરે એરુ ચાર રસ્તા નજીક ઓડી કારની અડફેટે અરુણભાઈ ઉપાધ્યાયનું કરુણ મોત થયું હતું.

આ ઉપરાંત ઈટાળવાથી એરુ તરફ જતા માર્ગ પર પણ નશાની હાલતમાં વાહન હંકારતા યુવકો દ્વારા મોપેડસવાર મહિલાઓને અડફેટે લેવાની ઘટના બની હતી. એક પછી એક સામે આવી રહેલી ઘટનાઓને પગલે રાત્રિના સમયે માર્ગો પર વાહનચાલકોની બેદરકારી અને નશામાં ડ્રાઈવિંગનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. નાગરિકોમાંથી રાત્રિના સમયે ખાસ ડ્રાઈવ યોજી વાહનચાલકોનું બ્રેથ એનાલાઈઝરથી ચેકિંગ કરવા તેમજ ઓવરસ્પીડ અને નશામાં વાહન ચલાવતા લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

# CA રવિ છાવછરિયાની 'CA STARS' પહેલથી ગરીબ ઘરના ૨૩૫ વિદ્યાર્થીઓ CA બન્યા

**ફેક્ટરી** કામદાર, ખેડૂત, રિક્ષાચાલક અને સિક્યોરિટી ગાર્ડના સંતાનોને ચાર વર્ષનું CA શિક્ષણ



સુરતઃ ગુજરાતમાં શરૂ થયેલી એક અનોખી પહેલ આજે દેશભરના આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવી રહી છે. સુરતના CA રવિ છાવછરિયા દ્વારા સંચાલિત CA STARS એક એવી વિશેષ પહેલ છે, જે દર વર્ષે 160 થી વધુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સંપૂર્ણપણે નિઃશુલ્ક CA શિક્ષણ પૂરું પાડે છે. CA STARS અંતર્ગત CA નું સંપૂર્ણ શિક્ષણ જે ૪ વર્ષ નું છે એ વર્ષે 40 થી વધુ વિદ્યાર્થીઓને સિલેક્ટ કરી વ્યાપક સહાય પૂરી પાડવામાં આવે છે. આ પહેલની નોંધપાત્ર સિદ્ધિ એ છે કે છેલ્લા ૬ વર્ષમાં CA STARS ના ૨૩૫ વિદ્યાર્થીઓ CA ફાઈનલ સુધી ની કઠિન પરીક્ષાઓ પાસ કરી CA બન્યા છે. આ પહેલ માત્ર નિઃશુલ્ક શિક્ષણ પૂરતી મર્યાદિત નથી. સુરત બહારથી પસંદગી પામીને આવતા વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા તેમજ અભ્યાસ માટે જરૂરી અન્ય સુવિધાઓ પણ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ અત્યંત પડકારજનક અને સંઘર્ષમય પરિસ્થિતિમાંથી આવે છે અને પોતાના પરિવારના પ્રથમ પેઢીના શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ છે. તેમના માતા-પિતામાં કેટલાક ફેક્ટરીમાં કામ કરે છે, નાના ખેડૂત છે, ઓટો રિક્ષા ચલાવે છે, સિક્યોરિટી ગાર્ડ તરીકે કાર્ય કરે છે, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને ગુમાવ્યા છે. CA રવિ છાવછરિયા આ સમગ્ર પહેલ કોઈપણ પ્રકારનું દાન કે બાહ્ય સહાય વગર સ્વબળે ચલાવે છે. આ વિદ્યાર્થીઓને સફળતા માટે જરૂરી શિક્ષણ, સુવિધાઓ અને માર્ગદર્શન પૂરું પાડીને CA રવિ છાવછરિયા માત્ર વ્યક્તિગત જીવનમાં પરિવર્તન લાવી રહ્યા નથી, પરંતુ દેશના આર્થિક અને સામાજિક વિકાસને પણ મજબૂત બનાવવામાં યોગદાન આપી રહ્યા છે.

# ઉમરગામ તા.પં.ની સામાજિક ન્યાય સમિતિની રચના ફરીથી કરો

**ડીડીઓનો** આદેશ, વાલ્મિકી સમાજના સભ્યને સમિતિમાં સ્થાન ન મળતા રજૂઆત કરાઈ હતી

ઉમરગામઃ ઉમરગામ તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિની 30 દિવસમાં નવેસરથી રચના કરવા ડીડીઓએ આદેશ કર્યો છે. વાલ્મિકી સમાજના સભ્યને સમિતિમાં સ્થાન ન મળતા વિરોધ પક્ષે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી હતી.

વિરોધ પક્ષના નેતા રાકેશ રાયે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી હતી કે ઉમરગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા તારીખ 29 જૂન 2026ના રોજ મળી હતી. આ સભામાં કામ નંબર (2) અને ઠરાવ ક્રમાંક (2) સામાજિક ન્યાય સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિમાં વાલ્મિકી વર્ગના એક અનુસૂચિત જાતિ સભ્યનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 249 (4) હેઠળ પ્રતિષેધ/રદ કરવા અરજી કરી હતી. આ રજૂઆતના પગલે ઉપરોક્ત કામ નંબર (02) ઠરાવ ક્રમાંક (02) ને પ્રતિષેધ કરવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે અને સામાજિક ન્યાય સમિતિની જોગવાઈ અનુસાર ઉમરગામ તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિની નવેસરથી 30 દિવસમાં રચના કરવા જણાવવામાં આવ્યું છે.

## રાજપુરી તલાટમાં ટ્રક પાછળ બાઇક અથડાતા વૃદ્ધનું મોત

ધરમપુરઃ ધરમપુર તાલુકાના રાજપુરી તલાટ, નદી ફળિયામાં રહેતા રમણભાઈ લલ્લુભાઈ પટેલ (ઉં.વ.65) પોતાની સીડી ડીલક્સ મોટરસાઈકલ નં. GJ-21-L-6391 લઈને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન રાજપુરી તલાટ, નદી ફળિયા વિસ્તારમાં કરંજવેરીથી પાણી ખડક તરફ જતા રોડ પર રોડની સાઈડમાં ભારત બેન્ઝ હાઈવા ટ્રક નં. DD-01-M-9880 ઊભી રાખવામાં આવી હતી. પોલીસના અહેવાલ મુજબ રમણભાઈ પોતાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા રોડની સાઈડમાં હાઈવા ટ્રકના પાછળ અથડાઈ હતી. અકસ્માતના પગલે રમણભાઈ પટકાયા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.


